# બી.એડ્.પ્રોગ્રામના પ્રેક્ટિસ ટીચિંગ વર્કની સુધારણામાં અધ્યાપકની ભૂમિકા અને સંવર્ધન

ડૉ.દીપ્તિ.બી.કુંડલ
આસિ.પ્રોફેસર,
શ્રીમતી એમ.એમ.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન,
વઢવાણ શહેર

## ૧.બી.એડ્.પ્રોગ્રામ : પ્રશિક્ષણપથ

શિક્ષક થવું એટલે સમાજના ઘડતરની પ્રક્રિયાનું બહુ અગત્યના ઘટક તરીકેની જવાબદારીનો સ્વીકાર કરવો. શિક્ષણ આપવાની સાથે વિદ્યાર્થી અને સમાજ કે રાષ્ટ્રના ઘડતરની જેના પર જવાબદારી હોય તેવા શિક્ષકના ઘડતરની પ્રક્રિયા એ પ્રશિક્ષણ. શિક્ષકોને શીખવવાના આ પ્રશિક્ષણપથનો પ્રારંભ શિક્ષણ વિદ્યાશાખાની સ્નાતક કક્ષાની પદવી એ બી.એડ્. પ્રોગ્રામની અહીં વાત કરવી છે. વળી, બી.એડ્ તાલીમના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિભાગમાંથી પ્રાયોગિક કાર્ય પર ચર્ચા કેન્દ્રિત છે. તેમાંય પાછું પ્રેક્ટિસ ટીચિંગનું માળખું, ગોઠવણ, અમલ, વ્યવસ્થા, ગુણફાળવણી, મૂલ્યાંકન કે પ્રમાણમાપની સાર્થકતા જેવી વિશાળ બાબતોની સાપેક્ષમાં અધ્યાપકની ભૂમિકા અંગેનો નાનકડો મુદ્દો છેડવો છે. સામાન્ય રીતે અધ્યાપક શું કરે છે, કરી શકે કે કરવું જોઈએ તથા સારું કરે તે માટે શું થઈ શકે તે ત્રણ બાબતો દર્શાવવાનો અહીં સૂક્ષ્મ પ્રયાસ છે.

## ૨.પ્રેક્ટિસ ટીચિંગ સંદર્ભે અધ્યાપકની ભૂમિકા

સામાન્ય રીતે તાલીમી કોલેજમાં કાર્ય કરનાર અધ્યાપકશ્રી શિક્ષકોના શિક્ષક-સવાયા શિક્ષક ગણાય.પ્રશિક્ષક તરીકે તેમની આ ભૂમિકા સવિશેષ ગણાય. અભ્યાસક્રમને ન્યાય, જરૂરી શિક્ષણસામગ્રીનું નિર્માણ કરવું-અમલ કરવો, ટેક્નોલોજીનો ઉપયોગ, જીવનમૂલ્યો અને જીવન કૌશલ્યો વિકસાવવા, જ્ઞાનવિસ્ફોટ સાથે ડગ માંડવાની ક્ષમતા કેળવવી, મૂલ્યશિક્ષણ આપવું, માર્ગદર્શન આપવું અને છેલ્લે નાવીન્યને હંમેશ આવકાર્ય ગણી સ્વીકારવું આનાથી વિશેષ ઘણું બધું. આ ભૂમિકા કંઇ નાની સૂની નથી હોતી

પ્રેક્ટિસ ટીચિંગ કહીએ ત્યારે આ ભૂમિકા પ્રાયોગિક પાઠ સંદર્ભે કેન્દ્રિત થાય. અહીં વિદ્યાર્થીએ કરવાના Practicum ની તમામ બાબતોનો સમાવેશ થવો જોઈએ. સૌથી આગત્યનું પાસું એટલે કે પ્રાયોગિક પાઠ વિશે જોઈએ.

## ૩. પ્રાયોગિક પાઠ સંદર્ભે અધ્યાપકની ભૂમિકા અને જરૂરી ફેરફાર

| પાઠનો તબક્કો | સામાન્યતઃ અધ્યાપકની કામગીરી | અધ્યાપકે નિભાવવાની વિશેષતઃ જવાબદારી |
|---|---|---|
| માઈક્રોપાઠ | કૌશલ્ય શીખવે, દાર્શનિક પાઠ આપે, તાલીમાર્થીના પાઠ-પુનઃપાઠ જુએ. | સંરચનાવાદી વાતાવરણનું સર્જન, દાર્શનિક પાઠમાં વૈવિધ્ય, દૈનિક શિક્ષણકાર્યમાં કૌશલ્યનો ઉલ્લેખ. |
| સેતુ પાઠ | આયોજન સમજાવે, નમૂનો આપે, પાઠ અવલોકન કરે. | ખરી ભૂમિકા, પાઠ આપવાના બદલે ક્યાં શું લખવું તે સમજાવે, ભરપૂર સૂચનો આપે, દાર્શનિક પાઠ આપવો જોઈએ. |
| છુટા પાઠ | પાઠનું માળખું - સોપાન સમજાવે, દાર્શનિક પાઠ આપે, માર્ગદર્શન આપે | પાઠના તબક્કાનો ક્રમ સમજાવે, વર્ગખંડ સ્થિતિ માટે સજ્જ કરે, વારસાગત નોંધ પ્રણાલીના બદલે |

| | | |
|---|---|---|
| | | સર્જનને ભાર આપે |
| એકમ પાઠ | પાઠ આયોજનનું માળખું શીખવે, બ્લ્યૂ પ્રિન્ટ શીખવે, કસોટી બનાવતા શીખવે. | પાઠના સાતત્યનો ખ્યાલ, કસોટી સાથે સારણીનો સંબંધ સમજાવે, પહેલાં સારણી પછી કસોટી - જરૂર શીખવે. શક્ય તેટલું વૈવિધ વ્યવહારમાં ઉપયોજવા કહે |
| મહાવરા પાઠ | ગોઠવણ કરે, પાઠ અવલોકન કરે, વિષયવસ્તુ સંબંધે ચર્ચા કરે તેવી જોગવાઇ | પાઠ ખરેખર ગોઠવે તે જરૂરી, ચર્ચામાં ઉંડાણ જરૂરી, કર્મકાંડ નહીં સાર્થક કાર્ય તરીકેનો ખ્યાલ |
| પાઠ અવલોકન | અવલોકન રીત સમજાવે, તેના નિયમો કહે, વિષય પ્રમાણે સંખ્યા કહે. 30 + 8 પ્રવર્તમાન પ્રમાણ જણાવે. | મહત્વ સમજાવે, વ્યક્તિગત વિકાસ શી રીતે, કઇ બાબતો ઉપયોગી થશે તે શીખવે, સૂચનો કરવા કહે જેથી અવલોકનદષ્ટિ સૂક્ષ્મ બને. |

## ૪. અધ્યાપકની ભૂમિકા માટે સૂચિત સંવર્ધન અવકાશના વિભાગો

- જવાબદારીનું જૂદાપણું
- થિયરીનું અમલીકરણ - પોતાના કાર્યમાં
- માર્ગદર્શનની માર્ગદર્શિકા
- તાલીમાર્થીના પાઠના નિશિક્ષણની સૂઝ
- પાઠના દરેક તબક્કે સ્તર - કક્ષાનુસાર બદલાવ
- પ્રાયોગિક પાઠ પછી (અમલ) ક્ષતિ-વિશેષતાની વર્ગમાં ચર્ચા
- અવલોકન પોથીમાં વિષયનું બંધન નહી - શ્રેષ્ઠતાને સલામ

પ્રેક્ટિસ ટીચિંગ બાબતે ઓછામાં ઓછું આટલી બાબતે ધ્યાન આપવાથી પણ ખૂબ મોટી અસર પડી શકે. હજુ આમાં **ગુણાંકન યોજના** અંગે ઉલ્લેખ જ નથી. ગુણ ફાળવવાનું કંઇ શીખવવાનું હોય ? જી હા, એ સ્ટ્રેટજી પણ શીખવવી તો જોઇએ જ જેના કારણે તટસ્થ મૂલ્યાંકન શક્ય બને.

## ૫.અધ્યાપકના સંવર્ધન માટેનું માળખું

તાલીમી સંસ્થામાં નવા જોડાતા અધ્યાપક હોય કે સક્રિય-સ્થાયી હોય પ્રવર્તમાન બી.એડ્. પ્રોગ્રામના પ્રેક્ટિસ ટીચિંગ વર્કની વિશેષતા - મર્યાદા - સુધારણામાં સૌ સમાન ભાવે ભાગીદાર ગણાય. માટે સંવર્ધન કાર્યક્રમના સૌ ભાગીદાર બને એ પણ જરૂરી ગણાય. અહીં તે માટેનનું માળખું રજુ કરવા પ્રયત્ન કર્યો છે. માળખા બાદ પ્રેક્ટિસ ટીચિંગના 2 દિવસની ગોઠવણ દર્શાવી છે.

**બી.એડ્.પ્રોગ્રામ-અધ્યાપક સંવર્ધન માળખું : 7 દિવસનો કાર્યક્રમ**

| ક્રમ | વિગત | દિવસ |
|---|---|---|
| 1 | સૈદ્ધાંતિક વિષય શિક્ષણકાર્ય (નવાચાર) | 2 |
| 2 | વૈકલ્પિક વિષયો અને વિષયવસ્તુ સંબંધિત સુધારણા | 1 |
| 3 | પ્રેક્ટિસ ટીચિંગ | 2 |
| 4 | આંતરિક અને બાહ્ય મૂલ્યાંકન | 1 |
| 5 | સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન અને જીવનકૌશલ્યો | 1 |
| કુલ | | 7 |

સાત દિવસના આ અધ્યાપક સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત દરેક દિવસ દર્શાવેલ જે તે વિગતના પેટાખંડો નક્કી કરીને વ્યાખ્યાન ગોઠવી શકાય. અધ્યાપકને પોતે કરવાના તમામ કાર્યની દિશાદર્શક માહિતી મળી રહે તે જરૂરી છે. જો આવી ગોઠવણ થઈ શકે તો બી.એડ્.પ્રોગ્રામમાં સંખ્યાની દષ્ટિએ ઘણી કોલેજ હોવા છતાં એકસૂત્રતા આવી શકે. જો અધ્યાપકોને કાર્ય સંબંધિત માર્ગદર્શિકા કે સૂચનો મળી રહે અને તેનો અમલ કરવાની માનસિકતા કેળવાય તો આશાનું કિરણ ઉજળું ગણાય. તમામ બાબતો તો દર્શાવી નથી પણ પ્રેક્ટિસ ટીચિંગ બે દિવસની આવી ગોઠવણ અહીં દર્શાવી છે. તેમાં વિગતની સાથે તેનું સ્વરૂપ પણ દર્શાવ્યું છે.

## ૬. પ્રેક્ટિસ ટીચિંગ બાબતે 2 દિવસના સંવર્ધન કાર્યક્રમની ગોઠવણ – સ્વરૂપ

| સમય | વિગત | સ્વરૂપ |
|---|---|---|
| દિવસ ૧<br>૧૦:૩૦-૧૧:૪૫ | તાલીમી કોલેજના અધ્યાપકની જવાબદારીના જુદાપણાનો સ્વીકાર | વ્યાખ્યાન – |
| ૧૨:૦૦-૦૧:૩૦ | બી.એડ્.પ્રોગ્રામમાં શીખવાતી બાબતો પોતાના સૈદ્ધાતિક કાર્યમાં ક્યાં?શી રીતે? અમલમાંમૂકે ... | પોતાના પ્રયોગો કહે<br>૧. સભાસંચાલક યાદી બનાવે,દરેકને પહોચાડે<br>૨. કેટલાક આદર્શ નમૂના રજૂ કરે. |
| ૦૩:૩૦-૦૫:૦૦ | પાઠ માર્ગદર્શન એટલે પથદર્શન ( નો ટાઈમ પાસ ) | વિડિયો ક્લિપિંગની રજૂઆત -તુલના **માર્ગદર્શન માર્ગદર્શિકા** આપવી. |
| ૦૫:૦૦-૦૬:૦૦ | પાઠના સ્તર પ્રમાણે ફેરફાર સભાનતા અને પૂર્વતૈયારી | વ્યાખ્યાન – પ્રશ્નચર્ચા |
| દિવસ ૨<br>૧૦:૩૦-૧૧:૩૦ | પાઠ નિરીક્ષણ | PPT • ગંભીરતા • સૂચનો<br>• આવશ્યકતા • તટસ્થતા<br>• સમયનું યોગદાન |
| ૧૧:૩૦-૧૨:૧૫ | અવલોકનની આંટીઘૂંટી | કરાવવાની સૂઝ કેળવાય તેવા પાસાં તથા વ્યક્તિગત લાભ વર્ણવવા |
| ૦૧:૪૦-૦૨:૪૦ | પાઠ અમલ પછીની ચર્ચા | ક્યાં – કેવા પ્રશ્નો પૂછવા<br>• અભિગમ કેવો રાખવો વગેરે દર્શાવતા **ટેમ્પલેટ્સ** /પૂર્તિ કરો સ્વરૂપે |
| ૦૩:૦૦-૦૪:૫૦ | ગુણાંકન તરેહ | સ્ટ્રેટજી કહેવી • સોપાન કૌશલ્ય સર્જનાત્મકતાનો આધાર સમજાવવો |
| ૦૫:૦૦-૦૬:૦૦ | મૂંઝવણની માયાજાળ | મુક્ત ચર્ચાનો અવકાશ પ્રશ્નોને આવકાર રચનાત્મક સૂચનોનો સ્વીકાર |

## ૭. સંવર્ધનની આવશ્યકતા

અહીં રજૂ કરેલ વિચારો બી.એડ્ પ્રોગ્રામના ફળદાયી અમલ માટેની ભલામણ દર્શાવે છે. એવું નથી કે બધે બધું બગડ્યું છે. કેટલીક સંસ્થાઓમાં ખૂબ સારું કાર્ય થાય છે, કેટલાક ધોરણો ખરેખર સચવાય છે પણ એ સાર્વત્રિક નથી. અધ્યાપક સંવર્ધનની પ્રવર્તમાન વ્યવસ્થા પણ ઘણી સારી છે પરંતુ તે લાંબા સમય પછી શક્ય બને છે. (1 / 2 વર્ષ પ્રોબેશન, 1 વર્ષ નોકરી, પછીના 1 વર્ષમાં OP જેમાં તમામ વિષયો હોય ત્યાર પછી RC ) શિક્ષણ વિદ્યાશાખા દ્વારા સાત દિવસના સ્વૈચ્છિક સંવર્ધન કાર્યક્રમનું આયોજન થાય કે જેમાં સમય પ્રમાણે લાયકાત ન ગણતા અધ્યાપકની જવાબદારીને ધ્યાને લઈ આ વ્યવસ્થા કરવી જોઈએ.

**સંદભસૂચિ**

૧.પટેલ, મોતીભાઈ મ. તથા અન્ય, **સૂક્ષ્મ અધ્યાપન અને સંક્ષિપ્ત અધ્યાપન** ૨૦૦૬-૦૭ બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

૨. રાવલ, નટુભાઈ વી. તથા અન્ય **શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો** ૨૦૧૦, નીરવ પ્રકાશન,અમદાવાદ
ઠાકર, દક્ષેશ (સં) મોતીભાઈ મ.પટેલના લેખો **શિક્ષણના પ્રવાહો** ૨૦૦૯, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૩. અંધારિયા, રવીન્દ્ર -શૈક્ષણિક લેખ **રાષ્ટ્રીય અભ્યાસક્રમ : શિક્ષકની જવાબદારીઓ** રાજ્યકક્ષાના પરિસંવાદનું સોવેનિયર ૨૦૦૯, શ્રી સાર્વજનિક વિદ્યાસંકુલ, મહેસાણા